# Hemchandracharya North Gujarat University

PATAN - 384 265 (N.G.)

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)


પત્ર ક્રમાંક:-૮૦૨ /૨૦૧૮

તારીખ:- ૦૪/૦૫/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો

વિષય: મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અંતર્ગત ઉમેદવારોને (વિદ્યાર્થીઓને) એપ્રેન્ટીસ તાલીમ આપવા માટે સેમીનારના આયોજન અંગે..

શ્રીમાન,

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. એપ્રેન્ટીસ અધિનિયમની જોગવાઈ મુજબ ૪૦ થી વધુ (કોન્ટ્રાક્ચ્યુઅલ સહિત) માનવબળ ધરાવતા દરેક એકમોએ કુલ માનવબળના ૨.૫% થી ૧૦% ની મર્યાદામાં એપ્રેન્ટીસ ભરતી કરવી ફરજીયાત છે. તે જ રીતે ૭ થી ૩૯ સુધીનું માનવબળ ધરાવતા એકમો માટે એપ્રેન્ટીસ એન્ગેજમેન્ટની જરૂરિયાત છે. તે અનુસાર રાજ્યમાં છેલ્લા ૩ વર્ષ પાસ થયેલ સ્નાતક તથા અનુસ્નાતકની પદવી ધરાવનાર ઉમેદવારોને એપ્રેન્ટીસશીપ યોજના હેઠળ આવરી લઇ પ્રત્યેકને રૂ. ૬૦૦૦/- સ્ટાઈપેન્ડ મળનાર છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા સ્નાતકને રૂ.૩૦૦૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવનાર છે. અને ભારત સરકારનો વધારાનો રૂ.૧૫૦૦/- નો હિસ્સો તેમજ જે તે એકમનો રૂ.૧૫૦૦/- સુધીનો હિસ્સો ઉમેરી પ્રત્યેક એપ્રેન્ટીસ ઉમેદવારને પ્રતિ માસ રૂ.૬૦૦૦/- સ્ટાઈપેન્ડ મળનાર છે. આ સાથે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન સંસ્થાઓએ કાર્યવાહી સત્વરે હાથ ધરવાની છે.

આથી તમામ સંસ્થાના આચાર્ય / ડાયરેક્ટરશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે તા: ૧૪/૦૫/૨૦૧૮ ના રોજ મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. તો તેમાં તમામ સંસ્થાના આચાર્ય/ ડાયરેક્ટરશ્રીએ, પ્લેસમેન્ટ ઓફિસર/ કો-ઓર્ડીનેટરએ તેમજ વધુમાં વધુ ૧૦ વિદ્યાર્થીઓ સાથે ફરજીયાત હાજર રેહવાનું રહેશે.

સેમિનારનું સ્થળ: રંગ ભવન, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

તારીખ- ૧૪/૦૫/૨૦૧૮, સોમવાર, સમય- સવારે ૧૦:૦૦ કલાકે

સેમિનારમાં હાજર રહેવા માટે નીચે આપેલ લીંક પર ફરજીયાતપણે રજીસ્ટ્રેશન કરવું.

https://docs.google.com/forms/d/1kB65tGVrl5aOxws9PcvDs1CXSqPL5B0UVrnxrm1NTDc/edit

કા.કુલસચિવ


P.B. No. 21, University Road, Patan. 384265. Gujarat State. INDIA.

Phone : +91 2766 - 222745, 220932, 230743, 230529, 233648 Fax : +91 2766 - 231917

Mail : regi@ngu.ac.in Web. : www.ngu.ac.in